શ્રી પરમાત્મને નમઃ

શ્રી નવીન

રમુજી ગાયન સંગ્રહ.

શ્રી સત્યદેવની ગાયનરૂપે કથા.

રચનાર.

શુકલ. અંબાલાલ તાપીશંકર ખેડાના.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

જાની. ગોવિંદલાલ રામશંકર.

આવૃત્તિ ૧ લી.

અમદાવાદ.

"સમશેર બાહાદુર" પ્રેસમાં છાપ્યું.

સંવત ૧૯૫૪—સને ૧૮૯૮.

કિમ્મત રૂ. ૦—૨—૦ (બે આના.)

ક૮૨૧

શ્રી સત્યદેવનાં રમુજી ગાયન રૂપે કથા.

સુત્રધાર—પ્યારા પ્રભુ જગતના (૨) ધરતા હરતા જન સર્વેના—પ્યા૦
એક ચિતે કરૂં સ્મરણ તમારૂં પાલન ટાળન દુઃખના—પ્યા૦
અનૂપમ વસ્તુ તેંજ બનાવી સુખકારી સુખ માટે—પ્યા૦
મોહમદમાં અંધ થએલા તુજ ઉપકારો દાટે—પ્યા૦
નવિન કૃતિ આ ભજવા માગુ દુરગુણ સૌના ટાળો—પ્યા૦
મોહન પ્રેમ કરી પધારો બાળક તમ ઉગારો—પ્યા૦
દુઃખી લોકનાં દુઃખો ટાળવા ગાયન રૂપ બનાવું—પ્યા૦
હાલ જમાનાના શોખીનો કાજે ફરજ બજાવું—પ્યા૦
જે વૃત કરવાથી દુઃખોનો નાશ થાય ક્ષણવારે—પ્યા૦
કેદ પડેલા મુક્ત કરેને આદી વ્યાધી દુઃખ જાયે—પ્યા૦
પુર્વે આ વૃત નારદ મુંન્યે પુછયું શ્રી ભગવંત—પ્યા૦
મૃત્યુ લોકની દયા ધરીને પ્રશ્ન પુછયા અનંત—પ્યા૦
આ હરીરસ સરવે સજનો વાંચો રાખી વહાલ—પ્યા૦
એકવાર આં વાંચો, મિત્રો ભાખે અંબાલાલ—પ્યા૦
સુંદર રાગે નહિ બનેલું બનાવું ઇશની સાહે—પ્યા૦
મિત્રો મંડળમાં વંચાવી સુખી થાવ સદાયે—પ્યા૦

રાગ [મરાઠી સાખી] ૨

નટી—નાટય નવિન ભજવાને આજે વિચાર થાયે મનમાં
જે ભજવાથી સૌ સુખી રહે શાંતી થાયે તનમાં
વૃત છે સાચુ—પ્રેમે સત્ય દેવ જાચુ

(વ્રત સાવીત્રીનો વ્રત આજ) ૩

શ્રીમંડળ—વ્રત સત્ય દેવનું આજ પ્રીતે કરીએરે
ફરી ફરીને લેજો લાવ ખશાલી કરાએરે
છે દીન દીનદયાળીનો આજ ફેરા ફરો રે
લેઇ પ્યારા પ્રભુનું નામ ભવજળ તરીએરે
વ્રત વિધીનું સાચવી કરો જન્મ મરણનો ફેરો જાયરે
સાચા પ્રેમે સત્યદેવને ભજો
ઉત્તમ ફળ હિંદુઓનું આ છે સુખ શાન્તિ આપનારું કહેછે
દાસ અંબાલાલ નમે છે આનંદ ઉર ધારી—વ્ર૦
કેદ પડેલાનાં બંધન છૂટે દુઃખો માણસ દુઃખમાંથી વછુટે
પથ્થરપર રત્ન શું ફુટે મૂરખ મદમાં ભરેલા—વ્રત૦

રાગ આરતી. ૪

આગણો—જયદેવ જયદેવ જય અંતરજામી
વિશ્વની રચના તારી [૨] નહિ કંઇ છે ખામી—જ૦
તુજ લીલા અપાર પાર ન કોઇ પામે—પ્રભુ૦
ઇંદ્રાદીક સુર સેવે વ્યાપક સૌ ઠામે—જ૦
જળ સ્થળના રચનાર નહિ તુલ્યે આવે-પ્રભુ૦
પર ઉપકારી દેવા મુરતી તુજ ભાવે-જ૦
ભકતોની ભીડ માટે સંકટ બહુ વેઠયાં—પ્રભુ૦
પાપી દાનવ મારયા દુઃખો સૌ ટાળ્યાં—જ૦

[પરણ્યાનું છે મન] ૫

આ૦ ઠાકરો—લાડુનું છે મન બાપા લાડુંનું છે મન
ટાઢું થાયે તન બાપા લાડુનું છે મન
લાડું લાડુંનું છે રાત દીવસ ભજન

પેટ ભરીને ખાવું ક્યારે આવે એવો દ'ન

[ઓધ બાપ લાડવા સાકરના લાડવા લચપચીઆ લાડવા]—વા.

(ગોડા બાઇ ગુડતો.) ૬

બ્રા. સ્ત્રી—મળ્યો મને મુરખ સ્વામીરે પરણી તેની સુખ નપામી રે

ઘરમાં નથી ખાવાને આજે પણ હાથ જોડીને બેશે

બાળક મારાં ફરતાં ને ધ્રરતાં રસોડું જોઇને રડશે—મળ્યો.

હે દીનાનાથ નાંખી ક્યાં મુજને દયા કાંઇ ન આવી

વસ્ત્ર ઘરેણું હોયજ ક્યાંથી પેટની આફત ફાવી

ટળે નહિ ઘડીએ મુઓરે લાંબી સોડ તાણીને સુતોરે—મ.

મરાઠી સાખી. ૭

બ્રા.—આ જગમાં સૌ સ્વારથનું છે કહુંછું મારા સજનો

પેટ પુરૂ ભરવાને મળે નહિ રાંડને હેમ ઘડાવો

જુઓ જગમાંહી........સ્વારથ સ્વારથ છે બાઇ—

૮

બ્રાહ્મણ—વૃધ પુરૂષનું વચન છે સાચુંરે

જેથી મુજ મનતો રાચ્યું

સાચું વ્રત કરવાની બુદ્ધિ આપી છે મહારાજે

જે કરવાથી સૌ સુખી રહે કરૂં વ્રત હું આજે—

ભિક્ષા નગરમાં માગી લાવું ચાલ હવે હું જાવુંરે—વૃ.

૯

સુદામા—હ્યો મહારાજા હ્યો મહારાજા ઇનામ આજે આપુ

જોશ જોયા છે મારા આજે ખુશી તમને રાખું

હ્યો મહારા આ.......—તમે સાચે સાચુ ભાખ્યું

હરી—હરીદ્રનું દુખ ટાળો ભેગી સાથે થઇને મમ સજની
બ્રાહ્મણ દ્વારે આવ્યો પાછો કદાપી કાઢવો નહી રજની
કમળા—ચોખા દાળ હું લાવી લાવી આંબલી હળદરને મીઠું
બાકીનું જે રહ્યું લાવે છે નરબદા સૌ સીધું

નરબદા (લાવી લાવી લાવીરે મહારાણી] ૧૦

લાવી લાવી લાવીરે શીધુપુરી થાળ હું લાવી
પ્રેમે પધારયા પાપી દ્વારે દયા કીધી આવીરે—શી૦
માણેકલાલ—કમાવું પડે નહીં કાકી તમારે દોછો બધું ઉડાવીરે—શી
કાકા આવે કહેવાનો શું આલતાં સરમ ના આવીરે
નરબદા—કહેજે કહેજે કજેરે તારા કાકાને આવે કહેજે
બહુ ભશંતા કુતરા માફક ભશીને ઇનામ લેજેરે—શી૦

લાકડાવાળો— ગજલ (૧૧)

લાગી છે તરશ મારો જીવ આ સુકાય
પાણી દિલ ચાહય પ્રભુ આવીને થાસાહય—
છે દેવનું પૂજન આંહી કેમરે મગાય
વિશ્રાંતી લઉં વિધી જોઉં શાંત દિલ થાય—

લાવણી ૧૨

લાકડા—એ ધર્મ ધુરંધર સત્યવાન સુખદાતા
શું વ્રત કરવાથી મળે કહો સુખસાતા
શી વિધી એહની શું ફળ એથી થાએ
કહો મહેર કરી મહારાજ ભ્રાંતી મમ જાએ

સહર ૧૩

બ્રાહ્મણ—સાંભળ એ પંથી પ્રેમ ધરી વચન

કરજે હમેશાં પ્રભુ તણું ભજન
આ વ્રત સત્ય દેવનું આયુગમાં તો કહે છે
પ્રભુ પ્રસાદીથી સૌ દુખ હરીને લેજે
આ વ્રત કરવાથી સુખ શાંતિ પામે છે
ધન્યવાન કરેને દરિદ્ર દુઃખ વામે છે

મરાઠી સાખી ૧૪

લાકડા—

સુંદર શોભા આ નગરની ખપશે ભારો મારો
જે ખપવાથી ખાંડ ઘી સાકર આટો લાવું સારો
લો ભારો આ......જેથી જલદી હું જાઉં

ગીતી ૧૫

વાણીયો—

ઓ ભારાવાળા તું ભારો આજે લાવ્યો છું સારો
બમણી કીમત આપું જીવ પ્રસન્ન આ આજ થયો મારો

[ચાલો ચાલોરે સાહેલી આજશીવ [૧૬]

પ્રભુગ્ધા—ચાલો ચાલોરે હાં હાં (૨) સાહેલી ઓ સાથ ઇશપુજનજઇએ
લીઓ લીઓરે હાં હાં રે સાચા પ્રભુનું નામ ગુણ એના ગાઇએ
પ્રેમ ધરી સૌ વહાલી સખી મમલ્યો સત્યદેવનું નામરે
સંતતી મનની ધારી આપે એવો દયાળું ક્યાં મ—ઇશ

સાહુસેઠ. (હાશે આશા વ્રત અનુસરવું (૧૭)

શું વ્રત કરો છો પૃથ્વીપતી પૃથ્વીપતી નવ પોચે મતી—શું
એ વ્રતનો શું છે મહીમારે સુખ પામું હું આજરતી—સુ
વિધાન એમાં શું જ લખે છે પ્રભુની છે ન્યારી ગતી—શું

શાંત કરો કહી વ્રત તમારૂં એમાં એની શીછે ફેરી—શું

ઉલ્કામુખ— (ગીતી) (૧૮)

સત્ય દેવ વ્રત બારે જે કરવાથી મોક્ષ મનુષ્ય થાએ
સર્વે દુઃખથી ટાળે સંપતી આપે દુઃખનું મુળ જાએ

શેઠ— (ગીતી)

આ વ્રતનો બહુ મહિમા કૃપા કરીને દીધો જગ સ્વામી
આરંભુ વ્રત હુંતો આનંદ રકસે ઘેર ગએ જામી

શેઠ— માહું લગાડો તો મારા સમછે સલુણીરે (૧૯)

પ્યારી વ્રત બારે સુણ્યુ સ્નેહથી મેં આ જેકે
જે કરેથી દુઃખ જાય સફળ થાય કારજેરે—
બારે જે ત્રિલોકય માંહી ફળ આપનારૂં રે
સાંભળ્યું જે વખતથી ખુશી છે મન મારૂંરે
પ્રભુના પ્રસાદથી દુઃખ જશે તારૂંરે
રાજી દીલ માંહી થઇ સામગ્રી મગાવુંરે—

લીલાવતી— (ગીરધારીરે વાત કહુ તે વિચારો (૨૦)

પ્રિતમજીરે શું વ્રત એવું જાણ્યું જેથી મન તમારૂં માણ્યું
ખુસી દીસ તમારૂં લાગે જોઇ દુખ સૌ મુજ ભાગે
જેથી પુન્ય પુર્વેનાં જાગે—પ્રા
શો મહિમા વ્રતનો પ્યારા કહો પ્રેમ થકી પ્રભુ ગારા
કહો મહેર કરી પ્રાણુ મારા—પ્રા

શેઠ— (રાહેર) (૨૧)

વિષ હરણીરે સાંભળી પ્રશ્ન આવારે
વાણી રૂપી અમીથી ધારે

સત્યદેવનું ભજન કહે લેરે સૌ દુઃખ હરીને લેહરે
મન માન્યુ પ્રભુ જો દે કેરે—દી
પ્રત્યક્ષ પારખું આપે સ્વામ રે જેની વિધી ત્રિલોકયમાં
જામારે એના કુદરતમાં નહિં ખામીરે—
આવ્રત મનુષ્યને સારૂરે કોઇને થાય કદી નહિ ન્યારૂ રે
રસભીનીરે પ્રેમથી લાગે પ્યારૂં—આ

લીલાવતી— (ન બોલો તારા તારા (૨૨)

ન ભુલો પ્યારા મારા ઓ પ્યારા શું મારાકરો આગધારા
છો પ્રાણથ પ્યારા મુકો નહિ ન્યારા જશે પ્રાણ મારા
બાધા રાખી એકા પ્યારા હવે વિસારો કેમ વહાલા
કરો વ્રત પ્યારા જશે પ્રાણ મારા ન ભુલો વ્રત પ્યારા—
બંધન બાંધી દેવાનુ છોડો નહિ પ્રભુ કેમ
કોપ કરે જો દેવતા રાખે નહિ કંઇ રહેમ
એવું જાણીને પ્રભુ વ્રત કરોને
દાશીની દાદ જાણી પ્રીતે ધરોને—પ્યારા શું .

શેઠ— (હાં ચટક મટક લટક તેં આવડ મહીં (૨૩)

ઓ મધુર માલતી મોહની કરી વશ કર્યો છે પ્યારીરે
પ્રૌઢ પ્રબળ સબળ કરી મન હરયુ છેભારીરે પ્રાણપ્યારીરે
મારી પ્રેમ કટારીરે પ્રેમ ભારીરે દીલ હારારે—ઓ
પુત્રી પરણશે ત્યારે થશે સૌ વહી ગયું શું નારીરે
સુખકારીરે—હાં

કલાવતી— [આંહી શીદ ભમે તુ ભ્રમરરે] ૨૪]

વૃક્ષ વેલ શોભે આ કેવીરે

છે જોડું જગમાં દીસતું—વેલ
જ્યાં જોઇએ ત્યાં જોડું એતું
તેમ હું જળ મીન જેવીરે—વૃક્ષ
યૌવન અંગ અકળાવે એની
સુઝ પડે સખી સેનીરે—વૃક્ષ
મધુકર માલતી પાસ ઉડતાં
કેલી નમે છે ઘેલીરે—વૃક્ષ

લીલાવતી— **કર કરૂણા જગનાથ (૨૫)**

તર છોડો નહિ નાથ પ્રાણ પતી તર છોડો નહિ નાથ
હું અબળા આપની સાથ—પ્રાણ
પ્રાણથી પ્યારા મોહન મારા
પ્રેમ તમારો સાંભળશે પ્યારા રાત દિવસ જાણો અશ્રુની ધારા
પુત્રી પરણવા જોગ થઇ છે. અંતર પીડા એ ઝાઝી રહીછે
[માટે જશો નહિ મારા સમ છે] હવે કરો નહિ અનાથ—પ્રાણ

શેઠ— **[હુકમ થયોરે જવાને પ્રિયા. [૨૬]**

ઘેલાં શુ થાઓ નારીરે ઓ પ્રાણ પ્યારી—ઘેલાં
હીંમત ન જાઓ હારીરે—ઓ
લાહય સૌને પેટની પેટ કરાવે વેઠ
રંક રાય કે લખપતી હોએ મોટા સેઠ——

સાખી ૨૭

રોકો નહિ પ્યારી મુને ઘેર મુનીમ હુંશીયાર
જોશે જોડુ જુક્તિથી ભુલન થાય લગાર—રો
માટે ધીરજ ધારીને રહો પ્રીયા આનાશ

થોડા દીન પછી આવશું રખે થાઓ ઉદાશ

[ત્રીતાળી ચોપાઇ] ૨૮

શુણો સ્વામી નાથ શિરતાજ
આવ્યો વિચાર મનમાં આજ
પુત્ર પરણવા જોગ થયો છે. દીલે એજ વિચાર રહયો છે
કરો વેવાઇશાળજ જોઇ નવ વખોડે કુળમાં કોઇ
લાયક લલના વરાવો એને—જેથી અવિચળ સુખ રહે તેને
ઉત્તમ સીક્ષણે પુત્ર ભણાવ્યો—યોગ્ય કન્યા તેને વરાવો
બોલાવો બ્રાહ્મણને આજે જેથી સફળ થાએ કાજે

વીરચંદ— સદર ૨૯

શુણી મધુર વચન પ્રીયા મારી ઇચ્છા પુરણ કરીશ તારી
લાવું કુળ શોભક હું વહુ જેથી વખાણે નાતમા સૌ
પુત્ર લાયક વહુને લાવુ—આપણાં કુળ તેજ કરાવું
મોકલુ બ્રાહમણને પ્યારી ખોળી લાવે કન્યા જોઇ સારી

ચંચળ—] ગજલ] (૩૦)

કોણ છોને કયાંથી આવ્યા શું તમારૂ નામ
શા કારણ આંહી આવ્યા કોણ આપધામ
પરમ પુનીત વણીક જાત લાગે છે અધીક
પધારીને પાવન કરો રાખશો ન બીક

ગયો કયાં તજી મને દીલ જાન (૩૦]

જેચંદ—ભમું છું રાત દિવસ હું બાઇ
પણ પત્તો નવ કાંઇ
દેશો દેશ નિહાળી જોયા કાંઇ ન લાગે ભાળ

લાયક રત્ન મળશે નહિતો થાશે મારો કાળ—બ
ધણીનું હુણુ હલાલ કરવા ફરતો ફરૂં ઠેર ઠેર
ઇશ્વર લાયક રત્ન મેળવજે કરજે મુજપર મહેર—બ
ક્યાં મુજ વહાલાં ક્યાં મુજ પ્યારાં માત પીતા આવાર
પેટને કાજે સર્વે છોડી આવ્યો આણે ઠાર—બ
આ છગીનો લાયક જોઇએ રૂપ ગુણનાં શુર
કાંન્તી વિધા જોઇએ રૂડાં ત્યારે હરખે ઉર—બ

(પ્રેમનો કોલ દીઓ રાજકુમાર] ૩૧

જેચંદ—

દેખી મન ખુશ થયું આવાર આવ્યો દુઃખનો મારો પાર
જોઇ ચંચળ આ કુમાર—દે૦
આશા પુરણ થઇ છે મારી આવ્યો દીવાળી દન
જોઇ મનોહર કાંન્તી એની ખુશી થયો હું મન—દે
જગકરતાએ સાહ્ય કરીને મોકલ્યો મુંજને આંહી
મન માનતો મળ્યો પુત્રીને હવે ફીકર ન કાંઇ—

(કર અરપન તન મન ગુરૂ ચરણે] ૩૨

જેચંદ—કરૂં સગાઇ સ્નેહથી હું આજે
જોઇએ એવો આ રઢીયાળો સફળ થયાંછે સૌ કાજે—કરૂં૦
જાન લઇને વેલા પધારો ચીંતા સૌની દુર થાશે—કરૂં૦

[ગીતી) ૩૩

ચંચળ—

પુત્રની લાયક કન્યા જોઇ આજે સગપણ છે સાધ્યું.
જલદી તમે પધારો રાખે અવિચળ જોડું હું જાચું

(ઉરવસી મન ઠસી રહિ ફસીરે ગુલઝારરે) ૩૪

રસીક—

ઉર ઠરી મન વસી રહી પરીરે ઓ દેવ સુંદરી ઓ ઇદ્રની પરી
તમ અપસરા સૃ [illegible] એવા શોભી
આ ભમર તાંસે છે ફરી ફરી—ઓ
ચંદ્ર શુભ [illegible] વદન છે પ્યારા
દેવલોક જોઇ શુદ્ધ જાય ભ[illegible]રે—ઓ
ક્યારે સંયોગ પ્રભુ પાણી પ્રયોગે તું મળી મુજ તણી મેંગણીરે—ઓ
તન મન અરપન તારૂંથી તમને જો રખે રાખતાં
જુદાઇ જરીરે—ઓ

[વશીકે મુજ ઉરમાં પ્યારી] ૩૫

જુઓ આ છગાનેને [illegible]
દેશો દેશ ફરીને આવ્યો મહેનતબર આવી
રતન આ મહેર લઇ આવ્યું જ્યાંથી મુજ મન અતી ફાવ્યું
કાંચન નગરના વણીક પુત્ર છે પૂર્વ પૂન્ય જાગ્યું
પુત્ર છે તેજરૂપી તારા ચંદ્રથી શોભે જેમ તારા
ચતુરને વિદ્વાન સકળ ગુણ તણા ભારા
કરયું સગપણ મેં આઇ એથી મળે શાબાશી મુંને જેથી
સુખ સ્નેહી માત પીતા છે બાળ મળી તેથી—

(નાથથી નીશરા થઇ મુઝાઇ હું મરું] ૩૬

કલાવતિ—મોહ પાસ બાંધી લાવી ઓ ચતુર પ્રાણ
કમળ વદન જોઇ તારૂં થઇ છે મારી હાણ
યૌવન વયનો બાગ પ્યારા ફાલીરે રહ્યો—ઓ
ચતુર માળીવીણ પ્યારા ખાલીરે પડ્યો

રસીક માળ રસીક જપું મદનથી બળું
રાત દિવસ મંત્ર જાપ તાહેરા ભણું—
[તરૂણવયમાં દીસેછે સકોમળ]   ૩૭

સખીઓ—ધીરજ ધરો ઓ બાઇ દુઃખ શાંત થશે
સુખ સારૂ થશે વિરહ દુર જશે.—બા૦(૪)
રસીયા રંગે રમશે બાઇ પરેમ થકી
કોડ પુરણ કરશે કહીએ બાઇ નકી
શાંત દીલ થશે ધારયું શારૂં થશે—બા૦[૪]
ભોળી ભમરી મુઝાઇ મરે દીલમહી
ભોગી ભમર બિચારો ભુલશે નહિ
દુઃખ દુર કરો દીલે વાત ધરો—બા૦]૪]

કલાવતી—   [શાણી સુણ સજની]   ૩૮
પ્યારી મમ સખીઓ પ્રેમને પરખીઓ
પ્રાણ વિના લાગે આજ લાય લાય લાય
મહા મનોહર રૂપ નિહાળી જીવ મારો પીયું પાસે જાય
જાય જાય—
મદન રિપુએ બાળી મુકી કયારે સખી શાંત દીલ થાય
થાય થાય—

[રઘુપત રામ રૂદેમાં રેહેજો)   ૩૯
સ્ત્રીઓ—ગાઓ સખી આજ મળીને સંગેરે
ઓચ્છવ આપણે આજ છે અંગે
પરણે વિરચંદ શેઠના પૂત્રરે

જેનું શોભે સારૂ ઘર સુત્રરે જેના મનમાં નથી કાંઇ ધુત
ગાઓ સખી૦
પીઠી ચોળા ધરીને પ્રીતરે, જેની શોભે આ કુળની રીતરે;
પ્રભુ રાખે અવીચળ નીત—ગા૦
ફોફળ આપે ફોફળવંતી હરખેરે, કાબેલ માણસ રત્નને નરખેરે
ખીલોર મહીથી હીરાને પરખે—ગા૦
લાડુ આપે લાડકવાયા થ્રાયેરે, વડી આપી વડીલ કહેવાયેરે
પ્રભુ દુષ્મન દૂર એના થાએ—ગા૦

[જોડકડાંનો રાગ) ૪૦

સોઓ—ગણુપત હનુંમંત વીર પધારો
આવી સહુ કાર્ય અમારાં સુધારો.
પરણે બાઇ કલાવતી ગુણુ વાળી
જેની કિર્તી રહી છે જગમાં ગવાઇ
મંડપ માણેક મોતીનો આજે
આવી અહી ઇંદ્ર સરોખા બીરાજે
લુહાર વેચેછેરે કાતર
ચંચળ વહુ તો જનમારાની પાતર
માંડવે મેલોનેરે કાંસા
વીરચંદ તો નીત કરે તમાસા
તમાસા કરેને લોક હસાવે
વેવાઇ તારે માંડવે જશ આવે
લોક કહેતા આ વર રહેશે કુંવારો
મિથ્યા એનો જશેરે જનમારો
દુરોજનને કહેવું હતું તે કહ્યુ

અંબામાનું ધાર્યું હતું તે થયું

[આવો આવો પ્યારા મારા પધારો વિલાસી] ૪૧

કલાવતી—પધારો ઉમંગે પ્યારા દાસી છું તમારો
દાસીછું તમારો પ્યારા જુઓને વિચારી—પધા૦
જોઇ છબી પ્રાણ પ્યારા દુઃખી થઇ તમ દારા
કરૂં હવે કેમ ન થ પ્યારા—પધા૦
વિરહ દુઃખ શાંત કરો ક્રોધથી હવે ન ડરો
નારીનું વચન આ સ્વીકારો—પધા૦

(ઓ મતી ધારમી શુભ નારી) ૪૨

રસીક—એ દિલદાર છું પ્રિય મારી
ઓ સુખ કરનાર રસીલી તું—એ૦
મૃગ નેની તું પ્યારી બોલી રસીલી તારી જાઉ બલીહારી પ્યારી
પાસ રહુ હું તારી ચાલે ચમકનારી ખુશીછું વારીવારી
ભાન ભુલાવી મારી છાતીથી દીલદારી
તન મન ધન આ તારૂં પ્યારી—એ૦
સાચી પરી મન હરી દીલ ઠગી પ્રીત કરી—એ૦

ચંપા દાસી— (મરાઠી સાખી) ૪૩
માત પીતા પધારે આંહી પ્રેમ ધરી મમ બેની
પિતાજી પરદેશ જવાના ખબર ચાલે તેની
ધીર ધરજે તું......સૌ સારાં વાનાં થાશે

[નકી મારા છે એ પ્યારા તું કહેજેરે] ૪૪
નહી ગમે આંહી મને કહું પ્રાણ પ્યારારે

વિરહ સતાવે કાયાને બાળે ક્ષણુ નવ ન્યારારે—ન૦

સાખી

પ્રેમ રૂપી ભોજનથી હારયું તન મહારાજ
અભાવ મનમાં રહી ગયો જાશો પ્રીય તમે આજ—
ખીલતું કમળ આ રંગથી ભંગ થયું મુજ પ્રાણુ
વિદેશના વિયોગથી પ્યારાં કહેશે કોણુ—ન૦

રસીક—(પ્રીયપતી રહેજ્યો સત્ય ધારી.) ૪૫

પ્રીય મુજ રહેજ્યે પ્રેમ ધારી
જાઉં ગમે નહિ પણુ જાઉં આજે પ્યારી ધીરધારી રેહેજો
મારી—પ્રીય૦

ચંદ્રમુખી દીલહારીણી મુકી જાતાં આંહી
ઘડી ઘડી છબી આવશે મુજ અંતરની માંહી—પ્રીય૦

કલા—જગપતી પાલન જલદી મેળવજેરે ચોવન અકળાઇ જાશેરે—પ્રીય૦

પ્રિતમ પળ પળ સાંભરે પળ પણુ યુગ સમાન
વહાલા રજા આપું જ હું કાપો ન પ્રેમ કમાન—જગ૦

રસીક— (વસંત તીલકા) ૪૬

રેરે રમા રવિકર પાસ તુજ આવે
શુદ્ધીને બુદ્ધી સરવે તું ભૂલાવે
લાવણ્ય લાગે લલના ખટરસ જેવું
ભોગી ભ્રમર ચરણુ સદાય સેવું
દીન દીન પ્રત્ય રાજીવ પ્રફુલ્લીતથાએ
જો લેવા જાઉં કદમ માંહી પાય જાએ;

અવની વીશે તુલ્ય મળે ન કોઇ
જાણું પડે છેજ વિદેશ માંહી

(ગજલ) ૪૭

સભા—ચરણ શરણ વરણ બધી ન્યાયી રાજ તું
ક્લેશ લેશ નહિ નરેશ દુઃખ નામ શું
નામ ન્યાયી અચળ રાખ્યું રાજ સૌપરે
શૂરવીરને પ્રતાપી અરજ તું ધરે
અમર રહો આ તખ્તપર પ્રતાપી પુર મણી
દેશ હાઝ સુખ તાજ કીધાં તેં ઘણી

વારાંગના— [સનન સોહે સાવરીયા] ૪૮

રંગભેર નાચો સાહેલીઓ આજ
હુમ હુમ ઠમકે નેપુર ગુલાબી
યૌવન મંડપ રચ્યો સોખીન કાજ—રંગ૦
શૈખી સનમ મેરે દીલપર વારૂં
લચક લચક કુચ યૌવન બહાર—રંગ૦
સૈયાંકી સાથ મેં તો જાતી પનઘટ પર
શોખી પડયો મુજ હુબન યાર—રંગ૦

ચંદ્રકેતુ— ભાઇપટારો ૪૯

જાઓ જલદી અહીંથી આજે બાંધી લાવો દુષ્ટને આજ
લંપટ બનીને ચોરી કરી છે સુણુતાં આ ઉઠે છે દાઝ
શૂરવીર સીપાઇઓ મારા ઝટપટ કરીને જલદી જાઓ
શોખી સખી બાંધીને મારો ધીર ધરીને જલદી ધાઓ

સીપાઇ— કલ્યાણ ૫૦

દુષ્ટ ચોરઓ આ શું રે કરયું પુર પતી તણું તોતમેધન્યરે
વિચાર દીલમાં નહી કરયોને ચોરી લાવ્યા તમે આહી
ભવિષ્યનો વિચાર કર્યો નહી. જારા રે નહિ કોઇ—દુ
રાજાનો ખજાનો તોડી લાવ્યા ધન અપાર
શાણા થઇને પડયા રહયાતા બીક ન રાખી લગાર—દુ

વણીઓજમાઇ— [ભરથરી ભ્રાતા વિચારીને) પર

ઓ ચતુર ભાઇ (૨) નથી તકસીર કંઇ અમારી
કેમ બાંધી જાઓ આજ ગુણો શોબારી
હમે વણીક પુત્ર (૨) નર છોડી એ કુળની લાજ
અમરીત વાત વિચારી શું આ શિર છત્ર મહારાજ
નથી ચોર લોક [૨) ચોરી કરવાને આવ્યા
વેપારને માટે આવી ફંદે ફસાવ્યા

અગધ્વજ— [કામણ ગારી નારિ કહેનેમને] પર

ગોવાળી આ તણો પ્રસાદ હું કેમ જમું રે—કેમ જમુરે
પૃથ્વી પતી હું અંગધ્વજને આ ગોપ કહેવાય
તેના હાથનો પ્રસાદ લઉં તો જગમાં હાંશી થાય—ગો
જેના ઘરમાં ખાવા મળે નહિ તેનું શું ખવાય
શરમ એમને આવીન કાંઇ લાગે મુંજને લાય—ગો

અંગધ્વજ— પામ્યો પામ્યો પદમણી [૫૩)

આવ્યો આવ્યો (૩)શિકાર દીલ માંહીરે જોઇ ખુશીયહુ ભારી
મોતી ચારો ચરતો ફરતો મન માંહી તો આનંદ ધરતો

થયાં થયાં (હે] સરળ સૌ કાજ હો આજ આશાપૂરણથય
મહારી—આ

રાનેરાન રખડતો આવ્યો કોઇ મૃગદીલમાં નહિ ભાવ્યો
મળ્યો મળ્યો [હે]મને મન માન્યો હો હવે આવી દીસે હુશીઆરી.

જસવંત— મરાઠી સાખી ૫૪

જોજે મારા શિકારને તું મારતો ધરી મનહામ
એમાંથીતો વિપરીત થાસે રહેશે નહિ કંઇ ઠામ
મૃગ છે મારો......કેડે પડયો છું હું આજે

અંગદ્ધ્વજ— ક્ષત્રી કલંક ૫૫

મારો લઇ જઇશ શુશીકાર—મુરખ તારૂ આવી બનયું'રે
તેતો હાથે કરી ખોયો તારો ભાર—
મુજ હાથમાંથી લઇશ શીકાર—
તો તો પોચાડું તને હું જમદ્વાર—
બકું બકે છે ધરીને મન હામ—
તારાં લુટી લઉ સરવે ધામ
કદી શીંહનો શીકાર કેમ જાય—
તો તો પૃથ્વી ઉથલ પાથ થાય—
તારાથી બને તે કરજે હેવાન—
જોઉં કેવો તું તો લે છે મારો જાન—

જશવંત— (ક્ષત્રી કલંક.) ૫૬

સમજી આપને મારો શિકાર—નહિતો તારા પ્રાણુંજશેરે
તારા શિયાળીઆના શા છે ભાર—
કરી અભિમાન બોલે શું નાદાન—
એક પલમાં લઉં તારો જાન—

એમો રાવણ સરખાનો અહંકાર—
કયાં છે દુર્યોધન પાંડુ કુમાર—
માની આપયો હોય જો ધિક્કાર—
જલદી આપીને જાઓ આ વાર—
એમાં સાર પામશો ન લગાર—
આ રાઠોડ છે લડવા તૈયાર—

વાણીઓ }
જમાઇ } (હાય થઇ અતહાની) ૫૭

શો ગુનો કરયો ભારી થયા બંને દુ:ખીઆરી
લંપટ બની નથી લાજજ ખોઇ નથી કરયો વ્યભીચાર
નથી ભૂલ્યા અમે આચાર કરયા લાચાર ગતી તારી—શો
ચોરી કરયા વિણુ ચોર ઠરાવ્યા નાંખ્યા બંધન માંહી
તેથી ચેન પડે નહી કાંઇ ફીકર દીલમાંહી રહી ભારી—શો
સગાં સહોદર વહાલાં અમારાં રહેશે રોતાં દેશ
તેથી ફીકર છે હમેશ ગમે ન લવલેશ રહ્યા હારી—શો

રસીક—(દાહ ઉઠી છે દુ:ખની દીલમાં શી રીતે.] ૫૮

પ્યારીને મુકી આવ્યો એકલો હુતો અહી
ચંદ્રમુખી પ્રાણ પ્યારી ઝુરશે બિચારી તહી
કમળ વદની મૃગ નયની દીલમાં આવી વશે
જોઇ છબી મન હારીણીની કાળજુ મારૂ ખશે
પ્રાણ પ્રાણ પ્રાણ કહી રડતી ખડતી એ હશે
વિયોગ પ્રભુ દૂર કરો જીવ આ મારો જશે

કલાવતી— ૫૯

(સખી કેમ ન આવ્યા નાથજી)

હજુ પ્રાણ આવ્યા નહી કેમ સખી
હું તો રાત દીવસ થઉં છું જ દુઃખી—હજુ
એક પળ લાગે યુગ સમા આ પધારે ક્યારે થઉં સુખી—
તલપ તલપ ગળવા જીવ આતુર પ્રાણ ગયા શું ચુકીરે—

ચંપા— [દક્ષણી લાવણી] ૬૦

પ્યારી બેનીરે શાંત દીલમાં થાવરે
આવશે નાથ છોજી અનાથ ઝાલશે હાથ રાખશે સાથ
ફીકર છોડો સજનીરે—પ્યા૦
જલદી આવશે પ્રભુ પ્રતાપથી આંહીરે
ફીકર કાંઇ દીલની માંહી રાખો ન કાંઇ સુખે આંહી
રામ રહો ગુણ ગાઇરે

લીલાવતી— ૬૧

(સીતાજીના મહીનાનો રાગ)

થઇ ચોરી અરે કીરતાર ન રહ્યું ધર વીશે
સૈ લેઇ ગયા મુંજ માલ હવે પ્રભુ શું થશે
ગયા સ્વામીને જમાઇ વિદેશની માંહીરે
કરયાં કંગાલ હે દયાલ અમોને આંહીરે
ખાવા મળે નહિ ઘરમાંહી કરું શું ઇશારે
હવે રહયો નહિ ઉપાય જવું કેઇ દીશારે
મુની ભૂમે મરે ભગવાન દયા દીલમાં ધરો
જગ તારણ તું છું બાપુ સંકટ મારું હરો

બ્રાહ્મણ — [ચમકતી દમકતી] ૬૨

મનમાં તનમાં સર્વમાં રે તુજ મુર્તી વસે મુજ દીલમાં
અકળ અજીત ગતીછે ઇશ તારી કીર્તી ફેલાઇછે જગતમાંરે
સુખ દુઃખ સાથક સત્ય પ્રભુ સાચા હાજર રહયો તું ભ
કતમાંરે
સેવે સદા પ્રભુ તનમનથી તુંને હાજર રહું તું પ્રગટમાંરે

કલાવતી— [નગી નમીએ તમને હે સીધેશ્વરી] ૬૩

નમુંછું નમુંછું નમુંછું પ્રભુ સ્નેહથી તુંને
દુઃખ દૂર કરી રાખો શરણે મુને—ન
કુબુધી કાપો સુખ આપો જગતના ધણી
સાથ થાઓ નાથને ફીકર તે તણી
વિયોગ દુઃખ દૂર કરો વ્રત હુ કરૂં
મેળાપ કરો દુઃખ હરો ભુલી હું પરૂં—ન

લીલાવતી—(આજ આવી રાજ હજુરમાં] ૬૪.

રાત પહોરે ફરતી કયાં ફરે ઓ પુત્રો તું મારી અરે
અત્યાર સુધી કયાં રહીતી દીલમાં કંઇ ના ધરે
રાત દીન તું ફરતી રહી ઘરની ફીકર રાખે નહી
ખાવા નથી ઘર માંહી તો દુઃખ દાટ વાળે આજરે
તેથી દીલ બળે છે બેટા મારૂં થઇ આતી નારાજરે

કલાવતી— [હમતો આશકહે] ૬૫

ગઇતી આજે માત મારી બ્રાહ્મણને ઘરે
વ્રત અમુલ્ય કરતા એવું માજી તું કરે
જે વ્રતથી સુખ આપે દુ;ખને હણે

આમણો કહેને માજી પુસ્તકે ભણે

લીલાવતી— [મદન પડયો કેડરે] ૬૬

જાણ્યું વ્રત બેની એનો સાચા પ્રભુતુજરે
સુખ આપનારૂં દુઃખ ટાળનારૂં જગમાં છે અમુલ્યરે—
સરણે સેવક રાખે સ્વામી આવે ન કોઇ એની તુલ્યરે—
સાચુ ફળ આપનારૂં એ છે ભજે નહિ તેની ભૂલ્યરે—

કલાવતી— (કનરો) ૬૭

સાહ્ય કરોને પ્રભુ અમારી સંકટમાંથી લોને ઉગારી
સ્વામી જમાઇને મેળવજો આશા પુરણ કરજો અમારી—સા.
તુજ લીલાને પાર ન પામ્યા તુજ સુરતિ જોઇ દુઃખને વામ્યા
આ બાળકની અરજ સ્વીકારો જલદી મેળવજો જાસુ મોરારી

ચંદ્રકેતુ— (પુત્રીનો ભવ શીદ બાળો) ૬૮

આ સ્વપ્ન અચાનક આવ્યું જેથી દીલ અતી મુજ ડુબાવ્યું
અનર્થ કરી મેં નાંખીઆ વણીક પુત્ર ગુણવાન
ચોર ઠરાવ્યા એહને ઉતારયું મેં માન
મુજ જીવત વૃથા ગાળ્યું—આ
કરી કસોટી નહીજ મેં કરયો નહી વિચાર
સાચાને ખોટા કરયા પાડયું દુઃખ અપાર
અનીતી બીજ મેળવ્યું—આ૦

માનવંતિ—(પંડીતાઇ પળમાં ચાલી જાય છે) ૬૯

સ્વપ્ન વાત ખોટી કહેવાય છે ઓ પ્રાણપતી—સ્વપ્ન૦
સ્વપ્નની અંદર પુરણ જમશો
ખાલી પેટ તણાય છે—ઓ૦

રંકને રાજા સ્વપ્ને બનાવે
પ્રભાતે સાચુ જણાય છે—ગો૦

ચંદ્રકેતુ— (અટકાવું ગૌરવ જ્યાંય) ૭૦

ખટકે સ્વપ્નું દીલ માંહી તેથી ચેન પડે નહિ કાંઇ
આજ સ્વપ્ન આવ્યું દુઃખકારો જાણે સત્ય પ્રભુ સુખકારી
જાણે સનમુખ ઉભા મારો કહેછે ગઇ અકલ તારી
રાખી નહી ભાન કરી તેં હાણુ બની અજાણુ થયો તું
ભાઇ—ખટકે૦

વણુ વાંકે વણીક બીચારા તેં કીધા હાલ નઠારા
પૈસો હરી કરયા ભુટારા અરે ઓ રાય રિદ્ધિ તુજ જાય
કરો ઉપાય—થશે દુઃખ ભારી—ખટકે૦
સરવે તું પાછું સોંપે દુનિયામાં સારૂ ઓપે હરમની સાથે
ચોંપે નમેથી પાવ સરળ સૌ થાય થશે સુખકાર
કરવા લાચારી—ખ૦

વણીકપુત્ર— (ગભરામણ મને થંડપણ] ૭૧

શિર છત્ર દીન બંધુ સદા સુખી રહોરે
હાજર સેવક આવ્યારે સાકાજે પ્રભુ બોલાવ્યારે
શો હુકમ આપનો પ્યારા છીએ હાજર દાસ તમારા
કરી કૃપાને અમારાં સૌ દુઃખ લહોરે
અમે પાપ કરયાં શાં ભારી રે
કરયાં બંને દુઃખીઆરીરે
છે અકળ કૃતી પ્રભુ તારો
નવ પોહોચે બુદ્ધિ અમારી
મુજ કહેવાનું હોય તે પ્રભુ હમને કહોરે

સ્થળ કાશી ઉપર

બ્રાહ્મણ—[નાથ કેસે ગજકો બંધ છોડાયો]

સદા શિવ શિવ મુખેથી જપના
એહી ભવ સાગરસેં તરના—સ
જગપતી પાલન તું છે સૌનો મુક્તિ મારગ કરના—સ
ભોળા ભુદરને ભાવે ભજીને સત્કૃત કામો કરના—સ
રમ જગતમાં ભુલા પડીને માયામેં નહિ મરના—સ
જેમ બિલાડી તાકી રહી છે ઉંદર ઉપરકું લેના—સ

જોગી— (વનમાળી કુંજ બિહારી) ૯૩

હાસ્ય રૂપો કાયા છેજ તારી
અહંકાર કરી ભરયું પાપ દુઃખકારી
દુંપદ કરીને કામ કીધું અવિચારી—કા
ભરૂસો કરીને ભુલી જાય છે ઘડીક માંહી
ચાલતાં જવાબ તમે થાશોરે લાચારી—કા
મોહની જાળમાં લપટાણો તું બેભાન થઇ
એમાં જય કોઇનો થવાનો નથી કોઇ—કા
વિષય ફંદમાં ઘેલો ગાંડો થઇ આથડે તું
વળી અભીમાની કરે તેની તું બડાઇ—કા

સત્યદેવ— [જાઓ જાઓ પ્રેમ સાચો] ૯૪

સાચુ કહો ભાઇ આમાં શુંજ ભરયું છે
શુંજ ભરયું છે જોઇ મન ઠરયું છે—સા
ક્યાંથી આવ્યા શીદ જવાના શું દીલમાંહી વિચારયું—સા
કોણ નાત દેશ ક્યાં છે શીદ જવાનું ધારયું—સા

સાધુ—જમાઇ—   ૭૫

[ખટક રહિને મૃગ નયનીને]

અકર્મી ધુતારા અભાગી શા માટે પુછેછે તું
ઠગાઇ કરવા અહી; આવ્યો છે એક ઝપાટે મારૂં હું.
વહાણની અંદર દ્રવ્ય જાણીને લેવાને આવ્યો તું આજ
નરદમ વેલા પાન છે એમાં સફળ થવાતું નહી તગ કાજ.

બન્ને—   [બ્રહ્માજી શું શું કહીએ) ૭૬

જગ સ્વામી પાએ પડીએ ગુણ ગાઇએ સુખ દઇએ—
મોહ મદને છુટાં મુકી બોલ્યા વચન અમે બહુ ચુકી
ઉત્તમ ઉપર દઇધું થુકી ભૂલ્યા ફુલ્યા રીતમાં—જગ
દેવ માયા જાણે નહિ તારી શી બુદ્ધિ ત્યાં આગળ મારી
દાનવ નામે જાએ હારી—તારી સારી કીર્તિએ—જગ૦

કલાવતી—સખીઓ—   ૭૭

(લગભગ હતી કયાંરે સૌ સોધીએ અમે) [એ૦રાગ)

સખી બોલોરે વિયોગી પ્રાણનો આધાર
મદન બાળેરે બાળીને કરે લાચાર—સખી
બાળા તલપેરે વિયોગી ભેટવાને જેમ
આશ રાખે ચાતક વરસવાને મેહ—સખી

સાખી

વિકળ દીસે રામા સૌ વરષા રૂતુનો રંગ
તરફડે બાળા બીનતી આશા થાએ ભંગ
આવે વખતેરે ભોગી સાથમારે
નાચે નારીરે થેઇ થેઇ હાથમાંરે

આજે ગગનમાં મેહ વાધે સ્નેહ ખહુ વિયોગી જનની દેહ
વિજ ચમકેરે થાય ગગન ગડગડાટ
મેળવ સ્વામીરે બાળા જોઇ બેઠી વાટ—સખી

કલાવતી—[નારાયણ નરસિંહ નરોતમ) ૭૮

પ્રાણથી પ્યારો પ્રાણ ગયો હવે હાય જીવી શું કરવુંરે—પ્રા
નામ નારાયણ એક સદા લઇ ભવસાગરમાં તરવુંરે—પ્રા૦
પ્રેમ પથારીએ પોઢણ કરતાં કંટકથી નહિ ડરવુંરે—પ્રા૦
રંગમાં ભંગ કરી જગજીવન પ્રાણુથી પાછા મરવુંરે—પ્રા૦
આશાઓ સૌ મમ દૂર થાઓ માયામાં શું ફરવુંરે—પ્રા૦

ગીતી (આકાશવાણી) ૭૯

સત્યદેવ—વ્રત કરીને કન્યા પ્રસાદ વીણ હરવે આની આજે
પતિનું મુખ નવ જોયું આદરયા કરયા તુજ જમાઇ તે કાજે

બધા— ૮૦

(આ ગ્રીષ્મ સમય સુખકારી)

થા સાહ્ય પ્રભુ મોરારી
માયા તારી છે બલિહારી
પામર જન અથડાવે જગમાં
સાહ્ય કરે ગીરધારી—થા
ભૂલવા ત્યાંથી ગણો ફરીથી
ચુક થાય જો ભારી—થા

અંગધ્વના—પુત્રો— ૮૧

[વસી વસી આજે હું તો પ્રાણધાર)

રમો રમો ચોપાટ બાજી આ વાર

મેલો રંગેથી ભાઇ ગમત ઉડાવો—રમો
ચાતુર આતુર થાવ છો પ્યારા કપટ અટવોતે યાર-રમો•
સાબાસ છે સરદાર—પાસા પડયા પોબાર
કર દિલમાં વિચાર ચૂપ ચૂપ રહે ગમાર—રમો
(ઓય બાપ કોઇ બચાવો હાય આ પડયા)

અંગધ્વજ—[દશા આ શી થઇ મ્હારી) ૮૨

તમાશા આ થયા ભારી કરયો મુજને પીડાકારી
પવિત્ર પુત્ર સ્વરગે ગયા કેર કરયો કીરતાર
રાજપાટ સરવે ગયું ભુલ્યો શું આચાર
કરયું નથી કામ અવિચારી પડયું શું દુઃખ મુને ભારી
સાચાને તરછોડીયા તરછોડયો પ્રસાદ
ગોવાળના બહુ ભાવથી હરી ન લેશે દાદ
દોષો સૌ માફ કરો મારા સદા ગુણ ગાઉં પ્રભુ તારા

અંગધ્વજ—(રે કરયો વેસ્યાએ કેર ઉપજે ઝેર] ૮૩

ભગવાન થાને હવે સાહ્ય રહ્યો ન ઉપાય બળે આ કાય
પુત્ર વિયોગે એક ઘડી મને તો યુગ સમ્રીતો લાગે
મેં કરયું અતિ અભિમાન બની હેવાન ઠર્યો નાદાન
અરે હું પાપી કર સાહ્ય પ્રભુ મોરાર દુઃખ લે કાપી
સુધરો સૌ આરયો ભાઇ. સંપ સુખદાઇ સાચો જગમાંહી
રાખે દુઃખ ભાગે—એક
મેં કર્યો નહિં વિચાર—થયો લાચાર—હેવાના હાર-
પડયા છે મરણે—કરી સાહ્ય હવે કિરતાર રાખતુજ શરણે-ભ

[૮૪]

બધા— (થયા હારે પતી તેજ પ્યારી તનના

પ્રભુ આજે કરી મહેર સર્વેપર સાહ્ય થયા ભારી
રસીક છબીલા મોહન મારા છો જગમાં પ્રખ્યાત—હાં
સૌ જાણે ઉર આણે મન માણે દીલ તાણે
ઇશ ભક્તીથી પ્રહ્લાદ ઉગારયો જય નટવર સ્વામી—પ્ર
માયા તારી અજબ રહી છે પાપી જીવ અથડાય
જગ સ્વામી બહુ નામી ગુણગામી દુઃખવામી
કરો સાહ્ય સર્વેપર દીન દયાળુ વિનંતી સ્વીકારી—પ્ર
અહંકાર કોઇનો નવ રહેશે. સમજો આર્યો ભાઇ
દુઃખ કાપે સુખ આપે દીલ સ્થાપે જગ વ્યાપે
ઉત્તમ વ્રત આ જાણો જગતમાં કરો સૌ તનમનથી—પ્ર

આરતી

નારાયણનું નામ જપો નિરભયાનંદકારી
નિરભયાનંદકારી મહાભય સંકટ અઘહારી—ના
નામ નાવ ભવસાગર મોટું કારય સરયાં કંઇનાં
નાશ થયાં ગુણીકાનાં દુકૃત વ્રત તપ પુન્યવિના—ના
નામે ઉધરયો અજામેલ સૂત સાદે દુખ પના
નારદ સારદ જપે જેહને શેષ સહસ્ત્ર રસના
રાજી થઇ પદ રજને સ્પર્શે અહલ્યા છુટી દારા
રાચ્યા શેષ મહેશ વિધી શુક સનકાદીક સારા
રામ કૃપા બળ અકળ થકી જો તરી સતી તારા
રાઢ તણી જપ જગ દુધારા તનથી કર્યાં તારા—ના

યજ્ઞ યાગ અડસ તીરથતે ફળ સ્મરણે થાય
યજન એક ઇશ્વરનુ પુજન શીરકુટ નહિ કોય
યત્ન અફળ નવ જાય કદાપી શ્રીજી પૂરસાહ્ય
યશકારી મંગળ સુખદ તા સાચા જગરાય—
નજર પુજ પ્રહલાદ ઉપર કરી શીશુ મતી સુજ્ઞાન
નખે વિદારયો હિરણ્યા કસ્યપુ વિંચીનું વરદાન
નવે નિદ્ધો જો નજર કરેતો ધરથી ધર્ય ધ્યાન
નંદા રાખ્ય વિશ્વાસ વડોઊર મહાસુખનું માન—

પાંચમા અધ્યાયનો વધારો.

અંગધ્વજને શિકારે જવું ત્યાં આગળ ચંદ્રાવતીના રાજા જસવંતનુ આવવુ શિકાર માટે લઢવાડ પાછળથી એ વેરને લીધે જસવંતે તેનુ રાજ્ય લેવુ પુત્રોએ બાજી રમવા બેસવુ ને ઇશ્વર કોપથી વીજળી પડવી પુત્રોનુ મરણ થવું રાજાએ વ્રત કરવુ પશ્ચાતાપ કરી મરવા આધીન થાય છે એટલામાં પ્રભુનુ આવવું ને પુત્રો તથા રાજ સોપવું છેવટનો આણંદ આણંદ.

સમાપ્ત.

અગાઉથી ગ્રાહક થઇ આશ્રય આપનારનાં નામ.

પ્રત.	નામ.	ઠેકાણું.
૧૫	વનમાળી લાધાભાઇ	આરટોડીઆ
૧૫	કડીઆ નાનશા છોટાલાલ	દરીઆપુર
૩	જીવણલાલ આત્મારામ	,,
૩	મથુરભાઇ હરગોવિંદ	,,
૩	કડીઆ બાપાલાલ મોતીરામ	,,
૩	કડીઆ દલસુખ રણછોડ	,,
૩	કડીઆ ગગલ છોટાલાલ	,,
૩	કડીઆ મંગળ ચકાશા	ભુખણ.વાડો
૩	કડીઆ મણીલાલ સાંકળ	દરીઆપુર
૨	જેઠાલાલ માધવલાલ	,,
૧	ચમનલાલ મોહનલાલ	કડવાપોળ
૧	સોમનાથ મગનલાલ	દરીઆપુર
૧	પટેલ જેઠાલાલ	,,
૧	કડીઆ મગન કેવળદાસ	,,
૧	કડીઆ જાદવ કેવળદાસ	,,
૧	કડીઆ ચુનીલાલ મગન	,,
૧	લીલાધર હાજીભાઇ	,,
૧	જેઠાલાલ અંબારામ	,,
૧	ચંદુલાલ મોતીલાલ	કાળુપૂર
૧	પ્રાણસંકર	ખંગપોળ
૧	મણીલાલ છગનલાલ	દરીઆપુર

૧	સાંકળચંદ રણછોડ	દરીઆપુર
૧	મોહનલાલ ગુલાબચંદ	હરનીબીબી
૧	દેવીડ સુલેમાન ડાકતર	માણેકચોક
૧	રાહમીમ અબેરામજી	„
૧	ઇબ્રાહીમ સુલેમાન ડા.	„
૧	ઠાકર કેશવલાલ મંછારામ	માતર
૧	પટેલ રણછોડ હરગોવિંદ	બાદા ભગતની પોળ
૧	સોની ચમન બાલાભાઇ	કાળુપુર
૧	સોની ચમન હરીલાલ	„
૧	ફકીર ગોદર સબજસ	ખમાંસાની ગેટ
૧	ગોવિંદસીંગ સંગપુરણ	ભદરમાં
૧	શા. નાથાલાલ રણછોડ	કાળુપુર
૧	ડાહ્યાભાઇ નથુભાઇ	„
૧	બ્રા. જમનાશંકર કશ્નારામ	માતર
૧	પં. મગનલાલ નારાણદાસ	„
૧	શા. જમનાદાસ ગોવિંદ	કાળુપુર
૧	મોચી ઉમેદ પીતાંમ્બર	ઢાલગરવાડો
૧	ભાવસાર ડાહ્યાભાઇ અમુલખ	ઝવેરીવાડ
૧	પંડયા લલુ ધનેશ્વર	વસો ગામ
૧	શીવાનંદ દાજીભાઇ	„
૧	જીવરામ બેચરદાસ	મોડાસર
૧	વ્યાસ હરીલાલ પીતાંબર	ખેડા
૧	ત્રવાડી શીવશંકર વિશ્વનાથ	સરખેજ
૧	શાહ સોમા ધનજી	માતર
૧	મણીલાલ હરગોવિંદદાસ	માણેકચોક
૩	મગનલાલ મનસુખરામ	કાળુપુર
૧	સુતાર મગનલાલ નાનશાહ	„

૧	મા. તીકમલાલ રણછોડ	ટ્રે. કોલેજ
૧	ઠાકોર બઇજી બાપુજીભાઇ	કાળુપુર
૧	પટેલ ગોરધનદાસ ત્રીભોવનદાસ	ભંડેરીપર
૧	માસ્તર કાળીદાસ મોતીરામ ભટ	દરિઆપુર
૧	કડીઆ મંગળભાઇ ચકુભાઇ	લુણશાવાડ
૧	કડીઆં માણેકલાલ મગનલાલ	,,
૧	પ્રાણશંકર ગણપતરામ	ટ્રે. કોલેજ
૩	શાહ ચમનલાલ કેશવલાલ	સાંકડીશેરી
૧	આશારામ છોટાલાલ શાહ	શાહપુર
૧	કાછીઆ ફુલચંદ હીરાચંદ	ટ્રે. કોલેજ
૧	ઘાંચી કેશવલાલ પાનાચંદ	હાઇસ્કુલ
૧	પટેલ મણીલાલ મુળજીરામ	નવો વાસ
૯	પટેલ બાપુભાઇ ભાયચંદ	,,
૧	બળદેવ રૂપશંકર	
૧	રણછોડ અમરતલાલ	
૧	મણીલાલ ધરમચંદ	
૭	પટેલ મગનલાલ ભીખાભાઇ	ભંડેરીપર
૫	જાની ભોગીલાલ લલુભાઇ	કાળુપુર
૧	ત્રવાડી પ્રભાશંકર મગનલાલ	
૧	પટેલ રણછોડ અમરત	
૧	બળદેવ રૂપશંકર	કાળુપુર
૧	વાડીલાલ બાલાશંકર	
૧	મણીલાલ ધરમચંદ	ટ્રે. કોલેજ
૨	દલપતભાઇ લલુભાઇ	ટ્રે. કોલેજ
૧	ખાતરી જેકીશન પરમાનંદ	કાળુપુર
૧	મા. મણીલાલ દોલતરામ	

જાહેર ખબર.

દરેક રોગ ઉપર દવા આપનાર, ગુજરાતી નાટકો તથા નોવેલો બનાવી આપનાર, ગાયનના શોખીનોને કંઠ સુધરે એવી ઉત્તમ દવા આપનાર. ડબ્બીના ૦—૧૨—૦

નીચે લખેલી ચોપડીઓ ગ્રંથકર્તા પાસેથી અથવા પ્રસિદ્ધ કર્તા પાસેથી અથવા નિચે લખેલા મુકામેથી મળશે. માટે જેઓ સાહેબને જે પુસ્તક લેવું હોય તે તેમણે રોકડી કીંમતથી મંગાવી લેવા અગર વેલ્યુંપેબલથી મોકલવામાં આવશે. નોટપેડ કાગળ લેવામાં આવશે નહિ.

શ્રી કાળીદાસ કૃત્ય સુહિતસુબોધ (તૈયાર થાયછે)	૧—૪—૦
શાન્તી પ્રભા (નોવેલ) [તૈયાર થાય છે]......	૦—૮—૦
શ્રી સત્યદેવની ગાયન રૂપે કથા	૦—૩—૦
શ્રી મોટા ધ્રુવ આખ્યાન નાટકનાં ગાયન ...	૦—૨—૦
વલ્લભજીના મહિના [સ્ત્રીઓને માટે]......	૦—૦—૬
સીતાહરણ નાટક રૂપે (તૈયાર થાય છે) ...	૦—૪—૦

મળવાનાં ઠેકાણાં.	મુકામ.
ખેડા—વ્યાસ સોમનાથ પીતામ્બર	લાલ દરવાજે
માતર—પંડ્યા શીવશંકર જેઠાલાલ	બ્રહ્મ પોળ
અમદાવાદ—ભટ હરીહર લલ્લુભાઇ દરીઆપુર મુળજી	પારેખની પોળમાં
વસો—પંડ્યા છગનલાલ લાલશંકર	ચોકમાં

શુકલ. અંબાશંકર તાપીશંકર.
હાજા પટેલની પોળમાં દલપતરામ કવીની જોડે.
મું. અમદાવાદ.